ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# શહેરમાં ધૂળેટી પર્વની ઉજવણીમાં અનોખા રંગ જોવા મળ્યા

## સેક્ટરોની શેરીઓથી લઈ ફાર્મહાઉસ અને પાર્ટી પ્લોટ્સમાં રંગોત્સવ ઉજવાયો : સ્વર્ણિમ પાર્કમાં રંગબેરંગી ચહેરાઓની ભીડ જામી









ગાંધીનગર, તા. ૧૮

ધૂળેટીના પર્વની ઉજવણીનો અનોખો રંગ જોવા મળ્યો હતો. સેક્ટરોની શેરીઓથી લઈ ફાર્મહાઉસ અને પાર્ટીપ્લોટ્સમાં નવરંગી માહોલ જોવા મળ્યો હતો. નજર નાંખો ત્યાં રંગોથી નિખરતા ચહેરાઓ સાથે 'હેપ્પી હોલી'ની શુભેચ્છાઓ પાઠવતા નગરજનો એકમેક પર ગુલાલની છોળો ઉડાડતા નજરે પડ્યા હતા. શહેરના મુખ્યમાર્ગો સહીત સેક્ટરોની સોસાયટીઓમાં રંગોત્સવની ઉજવણીએ જમાવટ કરી હતી. શહેરના મધ્ય વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં રંગ રસીયાઓની ભીડ જામી હતી. સ્વર્ણિમ પાર્ક કલરફૂલઝોન તરીકે ઉભરી આવ્યો હતો. ફાર્મહાઉસ અને પાર્ટીપ્લોટોમાં ડી.જે.ના તાલે યુવાપેઢી રંગીન મિજાજમાં જોવા મળી હતી.

જનજીવનને ખુશીઓના રંગોથી સજાવતા ધુળેટીના પર્વની ઉજવણી કાંઈક વિશેષ જોવા મળી હતી. ધૂળેટીના દિવસે સવારથી જ સેક્ટરોની શેરીઓમાં રંગોત્સવની ઉજવણી શરૂ થઈ ગઈ હતી. આ વખતે કેમિકલયુક્ત કલરોના વચ્ચે મોટાભાગે ગુલાલ અને પાણીના ઉપયોગથી ધૂળેટીના પર્વની મજા લીધી હતી. રંગોત્સવની ઉજવણીમાં હાથમાં પાણીની પિચકારી લઈને દોડતા બાળકો સાથે પરસ્પર પ્રેમ અને સદ્ભાવના દાખવતા યુવાનો અને વડીલોએ પણ રંગોના પર્વને પારિવારિક માહોલમાં માણ્યો હતો. સેક્ટરોની સોસાયટીઓ ઉપરાંત નગરના મુખ્યમાર્ગો અને શોપીંગ સેન્ટરોમાં પણ રંગોત્સવની ઉજવણી નિખરી હતી. શહેરના ઘ-૪ વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં ધુળેટી પર્વનો રંગ જામ્યો હતો. મોટી સંખ્યામાં એકત્રિત થયેલા યુવક-યુવતિઓની ભીડ જામી હતી. રંગબેરંગી ચહેરાઓના લીધે રંગીન

● અનુસંધાન પાન-૭ પર

## વાવોલની નવી સોસાયટીઓમાં હોળીની રંગારંગ ઉજવણી

વાવોલમાં વિકસીત નવી સોસાયટીઓના વિસ્તારમાં લોકોએ ધુળેટીનો તહેવાર ખુબ જ આનંદ અને ઉલ્લાસપૂર્વક ઉજવ્યો હતો. આ સોસાયટીઓમાં ખાસ કરીને શાલીન-૪ ફલેટ, સંકલ્પ રોયલ બંગ્લોઝ, શાલ્વીક હોમ્સ, શાલીન સોસાયટી. વૈદેહી એપાર્ટમેન્ટ, શુભમ ફલેટ્સ અને સંકલ્પ રેસીડેન્સીમાં રહીશોએ રંગેચંગે આ ઉત્સવ ઉજવ્યો હતો. શાલીન-૪માં ડીજે સંગીતના તાલે સોસાયટીના ગાર્ડનમાં બાળકોએ પાણીની પાઈપથી ફુવારો કરી રેઈનડાન્સની મજા માણી હતી તેમજ મોટેરાઓએ એકબીજાને રંગોથી રંગીને હોળી ઉજવી હતી. શાલ્વીક હોમ્સમાં દિવસભર હોળી રમ્યા પછી સાંજે સોસાયટીના રહીશોએ સમૂહ ભોજન દ્વારા ઉજવણી કરી હતી. ધુળેટીના દિવસે હવે હોળી રમ્યા પછી સાંજે સમૂહભોજનનો આ ટ્રેન્ડ ઘણી સોસાયટીઓમાં જોવા મળ્યો હતો.

## ધોરણ-૧૨ ગણિતના પેપરમાં એમ.સી.કયુ.એ વિદ્યાર્થીને મુંઝવ્યા

### એક એમ.સી.કયુ. ખોટો : બે દાખલા અટપટા : પેપર એકંદરે સરળ

ગાંધીનગર, તા.૧૮

ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે ગણિત પેપરનું પ્રશ્નપત્ર એકંદરે સરળ અને ટેક્ષબેઈઝ હોવાથી પરીક્ષાર્થીઓએ નિરાંત અનુભવી હતી. પરંતુ એક ગુણનો એમ.સી.કયુ. ખોટો પુછાયો હોવાની સાથે પાર્ટ-બીમાં બે અટપટા દાખલાએ વિદ્યાર્થીઓને થોડી મુંઝવણમાં મુકી દીધા હતા.

ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પણ આજે ગણિત વિષયની કસોટી યોજાઈ હતી. જિલ્લામાંથી ૩૧૮૪ વિદ્યાર્થીઓ પૈકી ૩૧૬૮ પરીક્ષામાં હાજર રહ્યા હતા. જયારે ૧૬ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. ગણિતનું પેપર એકંદરે સરળ અને પુસ્તક આધારિત હોવાનો સુર ઉઠવા પામ્યો છે. વિષય નિષ્ણાંત આર.આર. પટેલના જણાવ્યા મુજબ પ્રશ્નપત્ર આમ સરળ હતું પરંતુ એમ.સી.કયુ.ના એક પ્રશ્નમાં ચારેય ઓપ્શન ખોટા હોવાથી એક ગુણનો પ્રશ્ન ખોટો પુરવાર થયો છે. જયારે પાર્ટ-એમાં ૬ એમ.સી.કયુ. ટવીસ્ટ કરીને પુછાયા હતા. આ ઉપરાંત પાર્ટ-બીમાં પ્રશ્ન નં. ૧૭ અને ૧૮ પુસ્તક બહારના હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. ૮ માર્કસના આ બે દાખલા હોંશિયાર વિદ્યાર્થી માટે પણ પ્રમાણમાં અઘરા રહ્યા હતા. પેપર સમયસર પૂર્ણ કરવાનું પણ કેટલાક વિદ્યાર્થીઓ માટે મુશ્કેલ રહ્યું હતું.



લઠમાર - ગાંધીનગરમાં વણઝારા પરિવાર વર્ષોથી પરંપરાગત 'લઠમાર' હોલીનું આયોજન કરે છે... અનોખી મસ્તીમાં નાચતા - કૂદતા ગીત-સંગીતના તાલે સૌ લઠ સાથે નાચે-કૂદે અને એકમેકને ભેટી લઠ મારી આવકાર આપે... આવી અનોખી ઉજવણી માણવા અને અનુભવવા જેવી હોય છે... ગાંધીનગર અને આસપાસના વિસ્તારના ૨૦૦ ઉપરાંત વણઝારા પરિવારો સામુહિક રીતે અનોખી ઉજવણી કરે છે... સંપૂર્ણ મારવાડી-રાજસ્થાની લહેકા સાથે નૃત્યોની મસ્તીમાં પરિવારોના સૌ સભ્યો ઉજવણી કરે છે....

## ધો-૧૦માં ગણિતનું પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓને હાંશકારો

### સંપૂર્ણ પુસ્તક આધારિત પેપર : ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં અર્થશાસ્ત્ર વિષયમાં ૬૯૬૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી

ગાંધીનગર, તા.૧૮

ધો-૧૦માં વિજ્ઞાનના અઘરા પ્રશ્નપત્ર બાદ આજે ગણિતનું પેપર અત્યંત સરળ અને પાઠયપુસ્તક આધારિત હોવાથી વિદ્યાર્થીઓ પરીક્ષાના અંતે હળવાફૂલ અને ખુશહાલ મુદ્રામાં જોવા મળ્યા હતા. જિલ્લામાંથી ૨૭,૮૦૦ વિદ્યાર્થીઓએ ગણિતની પરીક્ષા આપી હતી જયારે ૪૨૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

ધો-૧૦ની બોર્ડ પરીક્ષાના પ્રારંભે ગુજરાતીનું પ્રશ્નપત્ર એકંદરે સરળ રહ્યા બાદ વિજ્ઞાન વિષયમાં ટવીસ્ટ કરીને પ્રશ્નો પુછાતા આ પ્રશ્નપત્ર વિદ્યાર્થીઓ માટે પ્રમાણમાં અઘરું પુરવાર થયું હતું. વિજ્ઞાનના પ્રશ્નપત્રથી મુંઝાયેલા વિદ્યાર્થીઓ ગણિત વિષયની કસોટીને લઈને પણ ચિંતિત હોવાનું મનાઈ રહ્યું હતું. ધુળેટીના પર્વ બાદ આજે લેવાયેલી ગણિતની પરીક્ષા વિદ્યાર્થીઓ માટે અત્યંત સરળ પુરવાર થતા હોંશકારો અનુભવ્યો હતો. ગણિતનું પેપર સંપૂર્ણ પાઠયપુસ્તક આધારિત હતું. ચોપડીના ઉદાહરણ સ્વાધ્યાયના દાખલા ઉપરાંત પાયથાગોરસનો પ્રમેય પૂછાયો હતો. પાઠયપુસ્તક આધારિત અને સરળ પેપરના લીધે વિદ્યાર્થીઓનો ભાર હળવો થયો હતો. જિલ્લામાંથી ૨૮,૨૯૩ વિદ્યાર્થીઓ પૈકી ૨૭,૮૦૦ પરીક્ષામાં હાજર રહ્યા હતા. આ ઉપરાંત ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં ૬૯૬૪ વિદ્યાર્થીઓએ અર્થશાસ્ત્રની પરીક્ષા આપી હતી. જયારે ૫૬ ગેરહાજર રહ્યા હતા. પરીક્ષા દરમિયાન ગેરરીતીનો એક પણ કિસ્સો નોંધાયો ન હતો.

# સે-૨૩માં ચાર દુકાનોમાં અચાનક આગ

## જુના સચિવાલય પાર્કીંગમાં પડેલી કાર સળગી ઉઠતા નાસભાગ મચી : એક જ દિવસ બંને સ્થળે લાગેલી આગ ફાયરબ્રિગેડે કાબુમાં કરી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરમાં આજના દિવસે બબ્બે સ્થળે અચાનક આગ લાગવાનાં બનાવો બન્યા હતાં. વહેલી સવારે સેકટર-૨૩ ખાતે ગ-માર્ગ પર આવેલી ફર્નિચરની ત્રણ દુકાનો તથા બાજુની ટ્રેડર્સની દુકાન મળી ચાર દુકાનો પાસે આગ લાગી હતી. ફર્નિચરની દુકાન બહાર શેડ નીચે પડેલો ફર્નિચરનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. જો કે દુકાનમાં પડેલા સામાન ફાયરબ્રિગેડની ટીમને બચાવી લેવામાં સફળતા મળી હતી. સવારે જુના સચિવાલયના પાર્કિંગમાં પડેલી એક કાર સળગી ઉઠવાની ઘટના પણ બનવા પામી હતી.

મળતી માહિતી મુજબ સેકટર-૨૩માં ચાણસ્મા સ્ટીલ ફર્નીચરના માલિક પટેલ હર્ષદભાઈ ચંદુભાઈની સળંગ ત્રણ દુકાનો આવેલી છે. દુકાનોમાં ફર્નિચરનો સામાન હોવા ઉપરાંત બહારની બાજુ શેડ નીચે પણ ઘણો ખરો સામાન લાકડાના પેટી પલંગ, પલંગ, તિજોરી, સોફા, ખુરશીઓ, સેટીઓ સહિતનો સામાન પડયો રહેતો હોય છે. આ સામાનમાં વહેલી સવારે પાંચેક વાગ્યાના અરસામાં અચાનક આગ લાગી હતી. ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ થતાં ફાયર ઓફીસર મહેશ મોડ ટેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતાં અને સમયસર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લેતા દુકાનોમાં આગ પ્રસરતા અટકી જતાં મોટી માલહાની ટળી હતી. જો કે બાજુમાં આવેલી લક્ષ્મી ટ્રેડર્સ દુકાનમાં પણ આગ લપેટાઈ જતા સિમેન્ટના કોથળા સહિતનો સામાન ઉપરાંત ચાણસ્મા ફર્નચિરનો બહાર પડેલો સામાન બળીને ખાખ થઈ ગયો હતો.

સવારના ઓફીસ શરૂ થયાના સમયે જુના સચિવાલય બ્લોક નં. ૧૪ની સામે પાર્કિંગમાં પાર્ક કરેલી એક કાર અચાનક સળગી ઉઠી હતી. ફાયરની ટીમે પાણીનો મારો ચલાવી આગ પર નિયંત્રણ મેળવી લીધું હતું.





## સુરેશ મહેતા કહે છે, હજુ જી.પી.પી. છે જ, વિલીનીકરણ નથી થયું

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત પરિવર્તન પાર્ટીનું સત્તાવાર અને કાયદાકીય રીતે ભાજપમાં વિલીનીકરણ થયું ન હોવાનું અને જી.પી.પી. હજુ ચાલુ હોવાનો દાવો પૂર્વ મુખ્યમંત્રી અને જી.પી.પી.ના સીનીયર આગેવાન સુરેશ મહેતાએ કર્યો છે.

પૂર્વ મુખ્યમંત્રી અને જી.પી.પી.ના સીનીયર આગેવાન સુરેશ મહેતાએ આજે એક પત્ર દ્વારા સ્પષ્ટતા કરતાં એવો દાવો કર્યો છે કે ચૂંટણી પંચ દ્વારા જે નોટીફીકેશન જારી કરવામાં આવ્યું છે તેમાં જી.પી.પી.પી.ને પક્ષ તરીકે ચાલુ રાખવામાં આવ્યો છે. આનો મતલબ એવો થાય છે કે જી.પી.પી.નું સત્તાવાર રીતે અને કાયદાકીય રીતે ભાજપમાં વિલીનીકરણ થયું નથી અને અલગ પક્ષ તરીકે જી.પી.પી.ચાલુ છે.

જી.પી.પી.નું ભાજપમાં વિલીનીકરણ કરવામાં આવ્યું છે તેવી જાહેરાત ગોરધન ઝડફીયાએ કરી હતી તેનો ભાંડો ફુટી ગયો હોવાનું તેમણે જણાવ્યું છે.













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com